અપીલ અરજી નં.૩૩૦ તા.૧૦–૨–૦૯

અરજદારઃ શ્રી ગીતાક્ષીબેન કાંતીલાલ ભગત
સામાવાળાઃ શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સમિતિ)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગીતાક્ષીબેન કાંતીલાલ ભગતની તા.૧૮–૧૨–૦૮ ની અરજીથી ન.પ્રા.શિ.સમિતિમાં રહેમરાહે નોકરી મેળવવા કરેલ અરજી બાબતે અરજીનો નિકાલ અને નોકરી કયારે મળશે તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**–અરજદાર મજકુરની તા.૧૦–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૩૦/૨૦૦૮–૦૯

શ્રી ગીતાક્ષીબેન કાંતીલાલ ભગતની તા.૧૮–૧૨–૦૮ ની અરજીથી ન.પ્રા.શિ.સમિતિમાં રહેમરાહે નોકરી મેળવવા કરેલ અરજી બાબતે અરજીનો નિકાલ અને નોકરી કયારે મળશે તેની માહિતી આપવા બાબતે તા.૨૨–૧–૦૯ ના રોજના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ. જેની નકલ આ સાથે સામેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત, તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા તથા ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૦૧ તા.૧૩–૨–૦૯ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકાર (ન.પ્રા.શિ.સમિતિ) તથા અરજદારને આધાર અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જા.નં.૧૭૬ તા.૨૦–૨–૦૯ થી અત્રેના વિભાગને માહિતી પૂરી પાડવામાં આવેલ છે જયારે અરજદાર તરફથી કોઈ માહિતી પૂરી પાડવામાં આવેલ નથી.

અરજદારની તા. ૧૮–૧૨–૦૮ ની અરજીથી ન.પ્રા.શિ.સમિતિમાં રહેમરાહે નોકરી મેળવવા કરેલ અરજી બાબતે અરજીનો નિકાલ અને નોકરી કયારે મળશે તેની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં.૧૫૮ તા.૨૨–૧–૦૯ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અનુસાર શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી ધ્વારા સરકારશ્રી તરફથી રહેમ રાહે ભરતી અંગેની કાર્યવાહી સ્થગિત કરેલ હોવાથી કાર્યવાહી થયેલ નહીં હોવાનું જણાતા ત્યાર બાદ મનપાની સુચના મુજબ કાર્યવાહી ચાલુ હોવાનું જણાયેલ છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૮–૧૨–૦૮ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી સબંધિત જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. મૂળ અરજીની માહિતી સંદર્ભમાં માહિતી પૂરી પડાયેલ હોય અપીલ અરજીમાં કોઈ હુકમ કરવાનો રહેતો નથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદાર અપીલ અરજીમાં મુળ અરજીથી ઉપસ્થિત કરેલ અલાયદા નોકરી કયારે મળશેની માહિતી અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૦૯.

ડે.કમિશનર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સમિતિ).... જાણ તથા અમલ માટે
(૩) શ્રી ગીતાક્ષીબેન કાંતીલાલ ભગત,